## GNLU ખાતે ભારતના પૂર્વ ચીફ જસ્ટિસનું વક્તવ્ય

# ન્યાયતંત્રના પુનઃનિર્માણ વિના દેશ સમૃદ્ધ નહીં થાય : રંજન ગોગોઈ

## સરદાર પટેલ દસ વર્ષ વધુ જીવ્યા હોત તો ભારત કંઈક અલગ હોત

। અમદાવાદ ।

'ન્યાયતંત્રના પુનઃનિર્માણની તાત્કાલિક જરૂર છે. જ્યાં સુધી ન્યાયતંત્રનું પુનઃનિર્માણ કરવામાં નહીં આવે ત્યાં સુધી આ દેશ સમૃધ્ધ નહીં થઈ શકે. ફક્ત અદાલતોની સંખ્યામાં વધારો કરવો અથવા ન્યાયિક નિમણૂકોની પ્રક્રિયામાં ઝડપી વધારો પુરતો નથી.' તેમ ભારતના પૂર્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ આજે ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે વક્તવ્યમાં જણાવ્યું હતું.

'ન્યાયતંત્રનું પુનઃનિર્માણ : રાષ્ટ્ર નિર્માણ' વિષય પર પ્રવચનમાં તેમણે કહ્યું કે રજવાડાને ભારતમાં ભેળવવામાં સરદાર પટેલનું યોગદાન નોંધપાત્ર હતું. આઝાદીના ત્રણ વર્ષમાં તેમનું નિધન થયું. જો તેઓ બીજા દસ વર્ષ જીવ્યા હોત તો ભારત અલગ હોત. ભારતની હાલની સ્થિતિની પરોક્ષપણે આકરી ટીકા કરતાં તેમણે કહ્યું કે વસતિની દૃષ્ટિએ આપણે બીજા ક્રમે છીએ તેમ છતાં આંકડાની દૃષ્ટિએ જોઈએ તો આપણે બહુ સારું પ્રદર્શન કરી રહ્યાં નથી. ઉદાહરણ તરીકે હેપ્પીનેસ ઈન્ડેક્સમાં ૧૫૬ દેશોમાં આપણે ૧૪૦મા ક્રમે, ગનની માલિકીમાં ૧૭૯ દેશોમાંથી ૨ નંબર પર, રૂલ ઓફ લોમાં લો ઈન્ડેક્સ પ્રમાણે ૧૧૩ દેશોમાં ૬૬મા ક્રમે, ઈરાદાપૂર્વક હત્યાકાંડમાં ૨૧૯ દેશોમાં ૨ નંબર પર, જાહેર જીવનમાં થતા ભ્રષ્ટાચારમાં ૧૮૦ દેશોમાં ૭૮મા ક્રમે છીએ. સીએએ મુદ્દે ચાલતા વિવાદ અંગે તેમણે કહ્યું કે સીએએ એક મુદ્દો છે. અમારા મંતવ્યો મેળ ખાતા નથી પરંતુ ઠરાવ બંધારણીય માધ્યમો દ્વારા થવો જોઈએ. તમારા ન્યાયાધીશો પર વિશ્વાસ કરો, તેઓ ભારતના બંધારણ મુજબ નિર્ણય કરશે.

Scanned by CamScanner